રાજભવન, ગાંધીનગર.
તા. ૨૧/૦૩/૨૦૧૫

**ગાંધીજીને સામાન્ય માનવી સુધી લઈ જવામાં સ્વ. નારાયણભાઈ દેસાઈનું વિશાળતમ યોગદાન છે**

**– રાજયપાલશ્રી**

**ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા સ્વ. શ્રી નારાયણભાઈ દેસાઈની સ્મૃતિમાં યોજાયેલી પ્રાર્થના સભા**

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ જણાવ્યું હતું કે ગાંધીજીને સામાન્ય માનવી સુધી પહોંચાડવાનું કાર્ય સ્વર્ગસ્થ શ્રી નારાયણભાઈ દેસાઈએ કર્યું છે, જે તેમનું વિશાળતમ યોગદાન છે.

રાજયપાલશ્રી ગઈકાલે ગાંધીનગરમાં ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા સ્વ. શ્રી નારાયણભાઈ દેસાઈની સ્મૃતિમાં યોજાયેલી પ્રાર્થના સભામાં શ્રદ્ધાજંલિ અર્પણ કરતા જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે સ્વ. શ્રી નારાયણભાઈ દેસાઈએ ગાંધીજીને ચિંતન અને વિચારોના ધરાતલ પર અંગીકાર કર્યા એટલું જ નહી પણ તેમના દૈનિક જીવનમાં પણ આત્મસાત કર્યા હતાં. સ્વ. શ્રી નારાયણભાઈ દેસાઈએ "ગાંધી કથા"ના માઘ્યમથી ગાંધીજીના જીવનને લોકો સુધી પહોંચાડવા એક નવીન આવિષ્કાર સર્જયો અને તેનો પ્રભાવીરૂપ થી તેમણે ઉપયોગ કર્યો હતો.

રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે ગાંધીજીના વિચારો જીવન આચરણમાં મુકયાનું કામ મુશ્કેલ છે. સ્વ. દેસાઈએ ગાંધીજીના વિચારો અને ચિંતનને પચાવી જાણ્યાં હતાં. તેમના નિધનથી રાજય અને રાષ્ટ્રને બહુ મોટી ક્ષતિ થઈ છે, જે કયારેય પૂરી શકાય તેમ નથી, એમ તેમણે જણાવ્યું હતું.

સમગ્ર જીવન ગાંધી વિચારધારાના પ્રસાર માટે સક્રિય રહેનાર સ્વ. શ્રી નારાયણભાઈ દેસાઈની તસ્વીરને રાજયપાલશ્રીએ ભાવભરી પુષ્પાંજલિ અર્પી હતી.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અઘ્યક્ષ શ્રી કૃષ્ણકાંત જહાએ સ્વ. શ્રી નારાયણભાઈ દેસાઈને શ્રદ્ધાંજલિ આપી જણાવ્યું હતું કે સ્વ. શ્રી નારાયણભાઈ દેસાઈના સ્મરણમાં ગાંધીનગરની તમામ શૈક્ષણિક–સાહિત્યિક સાંસ્કૃતિક અને